## ૪(૧)–(ખ)–(૪)

## સ્લમ અપગ્રેડેશન વિભાગના કાર્યો બજાવવા માટે ખાતાએ નકકી કરેલા ધોરણો :

### (અ) આવાસ નિર્માણ પ્રક્રિયા :

- સરકારશ્રીની ગાઈડલાઈન / પરિપત્ર / સુચના મુજબ આવાસ યોજનાનો પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કરવો.
- સરકારશ્રીની પ્રોજેકટ મંજુરી બાદ અમલીકરણની કાર્યવાહી કરવી.
- નિયત ડી.સી.આર.ની જોગવાઈ તથા સરકારશ્રીની જે તે સમયની જે તે યોજનાને અનુરૂપ આયોજન કરવું.
- સુરત મહાનગરપાલિકાની સક્ષમ સત્તાની અંદાજ મંજુરી બાદ પારદર્શક જાહેર ટેન્ડર પ્રક્રિયા કરવી.
- આવેલ (ઈજારદારોના કલાસ, ટેન્ડર ફી વગેરેની વિગત એનેક્ષરમાં સામેલ છે.) ટેન્ડરોની સી.વી.સી.ની ગાઈડલાઈન મુજબ સ્ક્રુટીની કરી ટેન્ડર સ્ક્રુટીની કમિટિ સમક્ષ રજુ કરવા.
- ટેન્ડર સ્ક્રુટીની કમિટીની ભલામણ મુજબ ટેન્ડર મંજુરી માટે સક્ષમ સત્તાધીશ સમક્ષ રજુ કરવા.
- ટેન્ડર મંજુરી બાદ સંબંધિત ઈજારદારને વર્કઓર્ડર આપવો.
- સંબંધિત ઝોન ધ્વારા સ્થળ પર પ્લોટનું ડિમાર્કેશન મેળવ્યા બાદ આવાસ નિર્માણ કામગીરી શરૂ કરવી.
- આવાસ નિર્માણની વિવિધ કામગીરીઓ ટેન્ડર સ્પેશીફીકેશન, નેશનલ બિલ્ડીંગ કોડ તથા જે તે આઈટમના સંબંધિત આઈ.એસ. કોડ મુજબ કરાવવી.
- નિયત ટેન્ડરના સ્ટાન્ડર્ડ મુજબ મટીરીયલ્સની ચકાસણી માટેના ટેસ્ટ કરાવવા.
- નિયત મંજુર ટેન્ડર મુજબ અન્ય સંબંધિત કામગીરી કરાવવી.
- કામપૂર્ણ થયેથી વર્કકંપલીશન સર્ટીફીકેટ ઈસ્યુ કરવું.
- ડિફેકટ લાયેબીલીટી પીરીયડ દરમ્યાન જરૂરી રિપેરીંગ વિગેરે કામગીરી કરાવવી.
- ડિફેકટ લાયેબીલીટી પીરીયડ પૂર્ણ થયા બાદ ઈજારદારની સીકયોરીટી ડિપોઝીટ પરત કરવી.

### (બ) JnNURM-BSUP યોજના અંતર્ગતના આવાસ ફાળવણી પ્રક્રિયા :

- ઝોનના સંકલનમાં રહી વિવિધ સ્લમ સર્વે કરી પ્રાપ્ત ડેટાનો ઉપયોગ કરવો.
- પ્રાપ્ત ડેટા તથા યોજનાને અનુરૂપ પોલીસી તૈયાર કરી મંજુરી મેળવ્યા બાદ આગળની કાર્યવાહી કરવી.
- ઝોન ધ્વારા નકકી થયેલ પ્રાયોરીટી તથા મંજુર પોલીસી મુજબ સ્થળાંતરનો રોડમેપ તૈયાર કરવો.
- ઝોન ધ્વારા તૈયાર થયેલ સ્થળાંતર પાત્ર કુટુંબોની માન્ય યાદી મળ્યેથી સક્ષમસત્તાની સ્થળાંતર તથા ડ્રો માટે મંજુરી મેળવવી.
- સક્ષમ સત્તાની મંજુરી બાદ ડ્રોની કાર્યવાહી કરવી.